# દિલ્હીમાં છે બરબાદીનો આલમ, ગુજરાતમાં મારી મહેનત બોલે છે : મોદી

**મોદીના ભડકાઉ ભાષણો**

**ગુજરાતમાં કોંગ્રેસ અને સીબીઆઈ સાથે મળીને ચૂંટણી લડી રહી છે**
**મારી પાસે વિધાનસભાની ચૂંટણી લડવા કોંગ્રેસ જેટલા પૈસા નથી.**
**કોંગ્રેસ કોલગેટ કૌભાંડના રૂપિયાથી ગુજરાતની ચૂંટણી લડશે.**
**ચૂંટણી જીતવા માટે મારે જનતાને અપીલ કરવાની નથી.**
**દિશા જોવી હોય તો મનમોહનસિંહ ગુજરાતમાં આવે.**
**ગુજરાતનો અવાજ હવે સમગ્ર દેશ સાંભળવા માગે છે.**
**કોંગ્રેસે કોલસામાં હાથ કાળા કરી રૂપિયા ભેગા કર્યા છે.**
**ભ્રષ્ટાચારના રૂપિયાથી કોંગ્રેસ ગુજરાતમાં ચૂંટણી લડવા માગે છે.**
**કોંગ્રેસ વિરોધની રાજનિતી ના કરે, વિકાસની વાતો કરે.**
**અમારી તમાચાની જાહેરાતો કોંગ્રેસને જોઈ ચક્કર આવે છે.**
**દેશને સમૃદ્ધ કરવાની જવાબદારી ગુજરાતે ઉપાડી છે.**
**બે વર્ષમાં બહુચરાજીને મારે અમદાવાદ જેવું બનાવવું છે.**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં આજથી વિધિવત રીતે વિધાનસભા ચૂંટણીનાં બ્યુગલ ફૂંકાઈ ગયાં છે. મોદીએ સ્વામી વિવેકાનંદ યુવા વિકાસયાત્રાના નેજા હેઠળ પોતાનું ચૂંટણી અભિયાન શરૂ કરી દીધું છે. મહેસાણા જિલ્લાના તીર્થધામ બહુચરાજીથી આ યાત્રાના પ્રારંભે મુખ્યમંત્રી મોદી તેમજ ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલી અને રાજનાથસિંહે કોંગ્રેસ અને યુપીએ સરકારને આડે હાથે લઈને આકરા પ્રહાર કર્યા હતા.

મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, આજે એક તરફ કૌભાંડોથી બદનામ કેન્દ્ર સરકાર છે અને બીજી તરફ ગુજરાત સરકાર છે. આજે ગુજરાતની સિદ્ધિઓ અને વિકાસ એવાં છે કે તેની સીધી તુલના દિલ્હી સાથે થઈ રહી છે.

મોદીએ કહ્યું કે, મારો હેતુ ગુજરાત અને દેશના વિકાસનો છે. ૧૦ વર્ષ સુધી મેં આકરી મહેનત કરી છે અને ગુજરાતમાં મારી મહેનત બોલી રહી છે. ગુજરાતનું અપમાન હું સહન નહીં કરુ. આખા દેશમાં ગુજરાતનું પલડું ભારે છે અને ગુજરાતની જનતા વિરોધીઓને જવાબ આપીને જ જંપશે.

વડાપ્રધાન મનમોહન પર ફરી એકવાર મોરચો ખોલતાં મોદીએ કહ્યું કે, મોદીને ઘેરવા માટે રોજ સીટનો જન્મ થાય છે, વડાપ્રધાન ફક્ત એકવાર સીટનો સામનો કરીને બતાવે. કોંગ્રેસ પર આકરા પ્રહાલ કરતાં મોદીએ કહ્યું કે, કોંગ્રેસ સીબીઆઈ જેવી સંસ્થાનો દુરુપયોગ કરી રહી છે. આગામી લોકસભા ચૂંટણી કોંગ્રેસ સીબીઆઈની સાથે મળીને લડશે.

યુપીએ સરકારની નિષ્ફળતાઓ પર બોલતાં મોદીએ કહ્યું કે દિલ્હીમાં એટલી હદે બરબાદી ચાલી રહી છે કે એની સામે કંઈપણ ન કરીએ તો પણ આપણે સારા જ લાગીએ. જ્યારે દેશમાં પાવરગ્રીડ પ્રોબ્લેમને લીધે અંધકાર છવાયો છે ત્યારે માત્ર ગુજરાત ઝગમગતું હતું. આ વાત જ દિલ્હી સરકારની નિષ્ફળતા અને આપણી સિદ્ધિ દર્શાવે છે. ગુજરાતના રસ્તે ચાલી નીકળો તો તમારુ ભલુ થી જશે. ગુજરાતની ફોર્મ્યુલાથી જ દેશનો



વિકાસ શક્ય છે. મોદીએ કહ્યું કે, દિલ્હીનું જે વલણ છે તે જોતાં તમારા માટે રોજગાર કે ભોજન અસંભવ છે.

આ પ્રસંગે મોદીની નેશનલ મીડિયામાં છવાઈ જવાની અને રાષ્ટ્રીય સ્તરે પોતાનું કદ વધારવાની ખેવના સ્પષ્ટ દેખાઈ આવી હતી. ગુજરાતીમાં પોતાનું ભાષણ કરી રહેલા મોદીને નેશનલ મીડિયાએ હિન્દીમાં બોલવાની વિનંતી કરતાં જ મોદી ગેલમાં આવી ગયા હતા અને હવે આખો દેશ ગુજરાતનો અવાજ સાંભળવા માગે છે તેમ કહીને હિન્દીમાં બોલવાનું શરૂ કરી દીધું હતું. મોદીએ કહ્યું કે, આ મોદી નામની કોઈ વ્યક્તિનો નહીં પણ ૬ કરોડ ગુજરાતીઓનો અવાજ છે.

વધુમાં આજથી ગુજરાત રાજ્ય ગુટખામુક્ત બનવા જઈ રહ્યું હોવાનું જણાવીને મુખ્યમંત્રીએ કહ્યું કે, આપણે માત્ર ગુટખામુક્ત જ નહીં પણ કોંગ્રેસમુક્ત ગુજરાતની પણ રચના કરવી છે.

ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલીએ તેમના પ્રવચનમાં કહ્યુંહતુંકે કેન્દ્રની કોંગ્રેસ સરકાર હરપલ સીબીઆઈનો દુરપયોગ કરી રહી છે. ગુજરાતમાં તો મોદી અને ભાજપના લોકોના વિરોધમાં ષડયંત્રો ચાલી રહ્યાં છે જેમાં સીબીઆઈ સામેલ છે. કોંગ્રેસ યાદ રાખે કે સરકાર આખા જીવન માટે આવતી નથી. સરકારો તો બદલાતી રહેતી હોય છે.



કલોલ ડીવાયએસપી ઉષા રાડાની કલોલ ડીવીઝનમાંથી બરોડા ગ્રામ્ય વિસ્તારમાં થયેલી બદલીને પગલે ગઈકાલે કલોલના જે.પી. કોમર્શીયલ પાસે આવેલી મહારાજા લેન્ડમાર્ક હોટલ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. ડીવાયએસપી ઉષા રાડાએ નિષ્ઠાપૂર્વક પ્રજા માટે કલોલમાં પોણા ત્રણ વર્ષ કરેલી કામગીરી અને યોગ્ય રીતે બજાવેલી ફરજોને ઉપસ્થિત અગ્રણીઓ તથા પ્રજાજનોએ બીરદાવી હતી અને ભાવભીની વિદાય બાદ તેમની પ્રગતિના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : વિપુલ ચૌહાણ)

# અલુવા ગામમાં નજીવી બાબતે યુવાન પર દાંતી વડે હુમલો

## તું દાદા થઈ ગયો છે કહીને યુવાનની ધોલાઈ કરી મારી નાંખવાની ધમકી

કલોલ, તા.૧૧

કલોલ તાલુકાના અલુવા ગામમાં યુવાનને તે જ ગામના શખ્સે જુની અદાવત રાખીને દાંતી વડે હુમલો કરી લોહીલુહાણ કરી દીધોહતો. આ બનાવ અંગે કલોલ તાલુકા પોલીસને બંને પક્ષેથી મળેલી ફરિયાદને આધારે ક્રોસ ગુનો દાખલ કરી બંને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અલુવા ગામમાં રહેતા દશરથ છનાભાઈ દંતાણી ગઈ કાલે મોડી સાંજે ગામની સીમમાં જ રણજીત કસ્તુરભાઈ દંતાણી દાંતી લઈને આવી પહોંચ્યો હતો અને તું દાદા થઈ ગયો છે તેમ કહીને જુની અદાવતને પગલે ગાળાગાળી કરીને બરડામાં દાંતીની ચાંચ ઘુસાડી દેતા દશરથ લોહીલુહાણ થઈ ગયો હતો. આ બનાવ અંગે દશરથની ફરિયાદને આધારે પોલીસે રણજીત વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે તો બીજી તરફ રણજીતે કરેલી ક્રોસ ફરિયાદ મુજબ દશરથ તેની પાસે આવ્યો હતો અને તું બીજા સાથે કેમ મિત્રતા રાખે છે કહીને ગાળો બોલી લાકડીથી માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બંને ફરિયાદો લઈને કલોલ તાલુકા પોલીસ મથકના એ.એસ.આઈ. દલપતસિંહે ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

## કલોલનો ૨૫ વર્ષીય યુવાન દસ દિવસની ગૂમ

કલોલ, તા. ૧૧

કલોલ શહેરના રેલવે પૂર્વ વિસ્તારના દીવડા તલાવડી પાસે રહેતો ૨૫ વર્ષીય યુવાન લાલાજી પોપટજી ઠાકોર ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ૨ સપ્ટેમ્બરે સાંજના સુમારેથી ચાલ્યો ગયો હતો. ૧૦ દિવસથી ચાલી રહેલી શોધખોળ બાદ પણ તેનો કોઈ પત્તો મળ્યો નથી. મળતી માહિતી મુજબ તેની માનસીક સ્થિતિ નબળી હતી. કલોલ શહેર પોલીસે ગુમ યુવાનના પિતાની જાણવાજોગ અરજીને આધારે લાલાજીની શોધખોળ શરૂ કરી છે.

# જેણે કયારેય લોકશાહીનું સન્માન નથી કર્યું તે પગ નીચેથી ધરતી ખસી એટલે લોકશાહીની દુહાઈ આપે છે : કેશુભાઈ

ગાંધીનગર, તા.૧૧

ચુંટણીના પ્રચાર માટે ગુજરાતના મુખ્યમંત્રીએ પ્રજાના પૈસે યાત્રાની શરૂઆત કરી છે. તેમનું પ્રવચન સાંભળતા એક વાત ઉડીને આંખે વળગે છે. મોદી આત્મવિશ્વાસ ગુમાવી બેઠા છે. ડીફેન્સીવ થઈ ગયા છે. હારી રહેલા જુગારીના શબ્દોમાં હારનો જે ભાવ દેખાતો હોય તે તેમના પ્રવચનમાં હવે જોવા મળે છે.

મુખ્યમંત્રીએ વિવેકાનંદ અને યુવાનોને મધ્યમાં રાખીને યાત્રાની શરૂઆત કરી છે પરંતુ વાસ્તવમાં આ રાજકીય યાત્રા જ છે. મારે આ પ્રવચનના બે મુદ્દા પર ખાસ ધ્યાન દોરવું છે. નરેન્દ્રભાઈએ કહ્યું કે કોંગ્રેસનાં લોકો મારી યાત્રાનાં વિરોધમાં એટલી ગરમી ઉભી ના કરે કે ગુજરાતની ચુંટણીને દાગ લાગે એવો કોઈ બનાવ બને આ શું બતાવે છે?

આવતીકાલે ચુંટણીમાં બધા જ વિકલ્પો પુરા થઈ જાય ત્યારે પ્રજા પર ભયનું હથિયાર અજમાવવું, તોફાનો અને અરાજકતાનો ભય બતાવીને પ્રજાને મતદાન કરતા રોકવા એ વ્યૂહ રચના મુખ્યમંત્રી ભૂમિકા તો તૈયાર નથી કરી રહ્યા ને? ચુંટણીપંચ મુખ્યમંત્રીના આવા નિવેદનોની નોંધ લઈને કાયદો-વ્યવસ્થા માટે જે પણ પગલા લેવા પડે તે લે એ જરુરી છે.

બીજી વાત તેમને 'કેગ' વિશે કરી છે. કોંગ્રેસે 'કેગ' પર રાજકીય આક્ષેપો કર્યા છે તેની ઝાટકણી કાઢીને કહ્યું છે કે, કોંગ્રેસ બધારણીય સંસ્થાઓનું સન્માન નથી જાળવતી. 'કેગ' તો સન્માનીય સંસ્થા છે. જો 'કેગ' આટલી સન્માનીય હોય તો તેને તમામ સરકારમાં રૂ. ૪૪,૦૦૦ કરોડના ભ્રષ્ટાચાર ઉઘાડા પાડતા રિપોર્ટ આપ્યા છે. નૈતિકતા બતાવો!

આ સો ઉંદર મારીને બિલાડી હજ કરવા જાય તેવી ઘટના છે. જે વ્યકિતએ વિધાનસભા, લોકાયુકત, રાજયપાલ, વડાપ્રધાન અને ચુંટણીપંચ જેવી તમામ લોકશાહી સંસ્થા પર અસંખ્ય વાર પ્રહાર કર્યા છે. તે હવે લોકશાહીની દુહાઈઓ આપે તે કેવું લાગે? ડૂબતો તરણું પકડે એમ મોદી હારથી બચવા ફાંફા મારી રહ્યા છે એવું યાત્રાના પ્રથમ દિવસે લાગી રહ્યું છે.

## કલોલમાં તા.૧૬મી સપ્ટેમ્બરે પ્રથમવાર યોજાશે : બ્રહ્મચોર્યાસી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં તા.૧૬મી સપ્ટેમ્બરે પ્રથમ બ્રહ્મ ચોર્યાસી યોજાયેલ છે. જેમાં અંદાજે ૫૦,૦૦૦ બ્રાહ્મણો હાજરી આપશે. તેમ બ્રહ્મસેન ગાંધીનગર જિલ્લા પ્રમુખ વિપુલ ઠાકરે જણાવેલ ચે.

બ્રહ્મ ચોર્યાસી રથ ગાંધીનગર જિલ્લામાં દહેગામ તથા દહેગામ તાલુકાના ગ્રામ વિસ્તારોમાં ગાંધીનગર, રાંધેજા, માણસા, કલોલમાં બ્રાહ્મણો તથા રાજપુર, પટેલ લુહાણા વગેરે સમાજે દબદબા પૂર્વક સ્વાગત કરેલ હતું. કપિલેશ્વર મહાદેવ કલોલ પૂર્ણાહુતિ થયેલ હતી.

# ચૂંટણી આવે એટલે ભડકાઉ ભાષણો કરવાની મોદીને ટેવ છે : શક્તિસિંહ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી હંમેશા માનીતા ઉદ્યોગપતિઓ માટે જ વાયબ્રન્ટ બની જાય છે. પરંતુ જયારે ચૂંટણી નજીક આવે છે ત્યારે જનતાની વચ્ચે જઈને કોઈ પોતાની સત્તા દરમિયાન મળેલ સાચી વાતો કરવાને બદલે ભડકાઉ અને ગેરમાર્ગે દોરવાનો વાણી વિકાસ કરે છે તેવો આક્ષેપ વિપક્ષી નેતા શકિતસિંહ ગોહિલે કર્યો છે.

વિપક્ષી નેતા શકિતસિંહ ગોહીલે ભાજપ સરકાર અને મુખ્યમંત્રી પર આકરા પ્રકાર કરતા જણાવ્યું છે કે કેન્દ્રમાં કેગનો રિપોર્ટ રજુ થયો. કેન્દ્રની સરકારે કહ્યું કે આવો પાર્લામેન્ટમાં ચર્ચા કરીએ અને કોલસાના કૌભાંડ અંગે જે કરવી હોય તે ખુલ્લી ચર્ચા કરવા મનમોહનસિંહે આહ્વાન આપ્યું. જયારે ગુજરાતમાં આજ કેગ દ્વારા મોદીના ભ્રષ્ટાચારની પરંપરાઓ સાથેનો અહેવાલ રજુ થયો ત્યારે એક તો છેલ્લા દિવસ સુધી અહેવાલ જ રજુ ન કર્યો અને વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કર્યા પછી અહેવાલ રજુ કર્યો.

જનતાની પાસેથી ચૂંટણીની અંદર લોકો પાસેથી ખંડણીની જેમ ભાજપના કાર્યકર્તાઓ પાસેથી ધનસંગ્રહ ઉભું કરાયું છે. આ ધનભંડોળ એ ગુજરાતની જનતાના મહેનતના પરસેવાના નાણાં ભેગા કરાયા છે, આ વિષે પણ ગુજરાતના મુખ્યમંત્રી પોતાના રાજકીય પ્રવચનમાં મૌન રહ્યા છે. જેમ મુંગેરીલાલને હસીન સપના આવતા હતા એ રીતે વારંવાર ભાજપના નેતાઓને પ્રધાનમંત્રીની ખુરશી દેખાય છે અને એટલા જ માટે વારંવાર નિવેદનો થાય છે.

ગુજરાતમાં ગુજરાતીઓની વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતીમાં નહીં, પરંતુ હિન્દીમાં ભાષણ કર્યુ એ એમના પ્રધાનમંત્રી થવાની અથવા રાષ્ટ્રીય નેતા થવાની અંદર રહેલી જે જીજીવિષા છે, મુંગેરીલાલના હસીન સપના જેવી જે ઈચ્છાશકિત છે એનું જ આ કારણ છે. પરંતુ એમનું આ સપનું કયારેય સાકાર નહીં થાય, કારણ કે દેશમાં લોકો કયારેય એમનો સાથ આપવાના નથી.

એનડીએના ઘટક દળો પણ એમને સાથ આપવા માંગતા નથી અને ગુજરાતની જનતા પણ હવે એમને ઓળખી ગઈ છે કે હવે અહીંયા સૌનો સાથ અને સૌનો વિકાસ નથી, સાથ આખા ગુજરાતનો લે છે અને મોદીના માનીતાનો વિકાસ છે, એ વિકાસ આમ ગુજરાતીનો નથી અને એટલા જ માટે આગામી ચૂંટણીમાં ગુજરાતની જનતા એ કોંગ્રેસને સમર્થ આપવાની છે એ વાત દિવાલ પર લખાયા જેટલી સત્ય દેખાવાથી ધાંધા થયેલા મુખ્યમંત્રીશ્રીએ આજે બહુચરાજી ખાતે પ્રવચન આપીને ગુજરાતની સંસ્કૃતિનું અપમાન કર્યું છે તેમ વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## કેમેરા ફરજીયાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે ત્યારે તે પરત જતી વેળાએ હાઈવેની હોટલ ઉપર ચા-પાણી કે જમતા હોય છે. તેમજ ટોલપ્લાઝા ઉપર વાહનો પસાર થતાં હોય છે.

આમ આવા ગંભીર અનડીટેકટ ગુનાઓના ઈન્વેસ્ટીગેશન દરમ્યાન ગુનેગારોને શોધી કાઢવા માટે હાઈવે પરના પેટ્રોલ પંપ, હોટલો જેવા સ્થળોએ નાઈટ વિઝન, હાઈ ડેફીનેશન અને રેકોર્ડીંગ સિસ્ટમ વાળા સીસી ટીવી કેમેરા લગાવવાથી આવા વણ શોધાયેલા ગુનાઓ ઝડપથી શોધી કાઢવામાં આ સીસી ટીવી કેમેરા મદદ રૂપ બને છે. તેમજ ગુનેગાર કયું વાહન લઈ આવ્યા હતા. તેની ઓળખ થઈ શકે છે. તેમજ ગુનાઓ ડીટેકટ કરી શકાય છે. જેથી ગુનેગારો વધુ ગુના કરતાં અટકે છે. નાગરિકોના જાન અને માલની સુરક્ષા થઈ શકે છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, કલોલ, દહેગામ, અને માણસા શહેર વિસ્તારમાં ે-ટ્રોલ પંપો, હોટલો, શોપીંગ મોલ, બેંકોમાં ખાસ કરીને ઈન-આઉટ સાઈડે સીસી ટીવી કેમેરા (નાઈટ વિઝન અને હાઈ ડેફિનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાય થઈ શકે. ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને છે. ગુનેગાર વિરુધ્ધમાં આ અંગેના સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય છે.

જાહેરનામામાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, સીસી ટીવી કેમેરા નાઈટ વિઝન અને હાઈ ડેફીનેશનના રાખવા, કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યક્તિ કે વાહન આઈડેન્ટીફાય થઈ શકે. સીસી ટીવી કેમેરા રાત્રિ દરમ્યાન રેકોડીંગ થઈ શકે તેવી કવોલીટીના રાખવા અને તેનું રેકોર્ડીંગ ૧૫ દિવસ સુધી રેકોર્ડ રહે તેવી વ્યવસ્થા રાખવાની રહેશે. આ હુકમ તા. ૭/૯/૧૨ થી તા. ૫/૧૧/૨૦૧૨ સુધી કુલ- ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ કરનાર સમક્ષ કલમ- ૧૮૮ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેવું જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પી. સ્વરૂપે જાહેરનામાં જણાવ્યું છે.


## વરસાદના યોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્ષત્રના યોગો થકી હજુ ૩૦ સપ્ટેમ્બર સુધી પવન ફૂંકાવાની સાથે દરિયામાં ઉંચા મોજા ઉછળે. દેશના દક્ષિણ-પૂર્વિય ભાગોમાં વરસાદના યોગો રહે. રાજસ્થાન સહિત દેશના પશ્ચિમ-ઉત્તર ભાગમાં પણ વરસાદ થવાની વકી રહે. સપ્ટેમ્બર તા. ૧૩મીથી ગરમી વધે અને તડકો નિકળે.

તા. ૧૨ થી ૧૫ દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના દરિયા કિનારાના ભાગો, ગુજરાતના ભાગો તા. ૧૫ થી ૨૧માં ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની વકી રહે. કેટલાક ભાગોમાં ભારે વરસાદની વકી રહે. અંબાજીના ડુંગરાળ વિસ્તારોમાં પણ વરસાદ પડવાની વકી રહે. હાલમાં પૂર્વ-ફાલ્ગુની નક્ષત્રના પાણીથી ઉભા કૃષિ પાકો પીળા પડી જાય તેમજ તેમાં જીવજંતુ પડે. જ્યારે તા. ૧૩ પછી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનું પાણી ખેતી પાકો માટે સારૂ રહે. સપ્ટેમ્બર તા. ૧૫ પછી દેશના કેટલાક ભાગોમાંથી ચોમાસુ પાછુ હટે અને સપ્ટેમ્બરની આખર સુધીમાં ગુજરાતના ભાગોમાંથી પણ ચોમાસુ પાછુ હટે.

## શબ્દાવલી - ૪૮૪૧




**આડી ચાવી**

૧. પાણીમાં નાવનું આમતેમ ડોલવું (૬)
૬. તુવેર સીંગ (૩)
૭. સુગંધ (૩)
૮. ડરપોક, બીકણ (૩)
૧૦. ગુજરાતી પહેલો મહિનો (૪)
૧૧. આસ્થા, શ્રધ્ધા (૩)
૧૪. મોજ... (૨)
૧૬. તાલબધ્ધ, કતારબધ્ધ (૪)
૧૭. ડાબુ (૨)
૧૮. અણસમજુ, છોકરમતમાં (૩)
૧૯. રસ્તો (૨)
૨૦. ૫ડ (૨)
૨૧. કાળી, શ્યામ વર્ણવાળી (૪)

**ઊભી ચાવી**

૧. એક જૂની હિન્દી ફિલ્મ જેમાં હીરો જીતેન્દ્ર રાજા હતો (૫)
૨. ચલો રે.... ઉઠાવો કહાર...(૨)
૩. પડકાર (૪)
૪. પરેડ (૪)
૫. મુંડન કરાવેલો (૨)
૯. રકમના ક્રમવાર (૫)
૧૨. ધનવાન (૪)
૧૩. ચક્ષુ, આંખ (૩)
૧૫. તોપના દારૂગોળાને સળગાવાનો પલીતો (૪)
૧૮. માલિક (૨)
૧૯. ફૂલઝાડની રખવાળી કરી ઉછેર કરનાર (૨)

**શબ્દાવલી ૪૮૪૦ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મતલબ (૪) રહેમ (૭) હેલ (૮) હાલીમવાલી (૯) નવકાર (૧૦) તનીક (૧૧) તટ (૧૨) વળ (૧૩) કાટી (૧૪) કતલ (૧૬) દરમાયો (૧૮) મકતુ (૧૯) મેરામન (૨૧) કમર (૨૨) જઈજાત

**ઊભી ચાવી :-** (૧) મહેનત (૨) તલવટ (૩) બહારવટીયો (૪) રમત (૫) હેવાનિયત (૬) મલીક (૧૩) કામાતુર (૧૪) કસીરાઈ (૧૫) લયાનત (૧૬) દમક (૧૭) રકમ (૧૯) મેજ (૨૦) મજા

## લહેરાતા ખેતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓફિસની પાછળનો પ્લોટ, કોર્ટ અને પોસ્ટ ઓફિસની પાછળના પ્લોટમાં હાલમાં ખેતી કરી રહ્યા છે. તેવી જ રીતે સેક્ટર-૧૦માં શકરાભાઈ ઠાકોર, રમેશભાઈ ઠાકોર અને ગાંડાભાઈ ઠાકોર પોતાના બાપ-દાદાની જમીનમાં ખેતી કરી રહ્યા છે. દર વર્ષે આ રીતે તેઓ અહીં ખેતી કરી વધારાની ાવક મેળવી લે છે.

જો કે આ નાના ખેડૂતોને તંત્ર સામે એક ફરિયાદ પણ છે. તેઓ ફરિયાદ કરી રહ્યા છે કે તેમની જમીન સંપાદિત કરતી વખતે સરકારે જે વચનો આપ્યા હતા તે પૂરા કર્યા નથી. જે જમીન પર સરકારી કચેરીઓ ઉભી થઈ છે તે જમીનના મૂળ માલિકોને સરકારી નોકરી કે પ્લોટ, દુકાન મળ્યા નથી. આવા ઘણા બધા ખેડૂતોએ પોતાની માંગણી સરકાર સમક્ષ મુકી છે. સેક્ટર-૧૦ અને સેક્ટર-૧૧ની જમીનના મૂળ માલિક ખેડૂતો જો કે બધાં કરતા થોડાક વધુ નસીબદાર છે કે તેઓ શહેરની સ્થાપનાના સાડા ચાર દાયકા બાદ પણ બાપ-દાદાના ખેતરમાં ખેતી કરી રહ્યા છે.

## ૨૭૮ કરોડનું ધિરાણ..

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે થયેલ સમીક્ષા દરમ્યાન એવું જણાવ્યું હતું કે પ્રાયોરીટી સેક્ટરના ધિરાણમાં ૧.૧૧ ટકાનો વધારો થયો છે. જ્યારે જિલ્લાના ક્રેડિટ ડિપોઝીટ રેસિયામાં ૧.૯૯ ટકાનો વધારો નોંધાયો છે. જુન ૧૧ની તુલનામાં તેમાં થોડોક ઘટાડો જરૂર છે પણ માર્ચ-૧૨ના ત્રિમાસિક ગાળાની તુલનામાં આ વધારો થયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગરીબલક્ષી યોજનાઓના ધિરાણમાં આ ત્રિમાસિક ગાળામાં નબળી કામગીરી આંખે ઉડીને વળગે તેવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એસ.જી.એસ.વાય.માં ૪ ટકા ધિરાણ નોંધાયું છે તો એસ.જે.એલ.આર.વાય.માં માત્ર ૧૪ ટકા બાજપેયી બેંકેબલ સ્વરોજગાર યોજનામાં ૧૩ ટકા અને પછાત વર્ગ કલ્યાણની યોજનાઓમાં ૭ થી ૧૦ ટકા જેટલુ ધિરાણ થયું છે.

આ સામે આજની આ બેઠકમાં જિલ્લાતંત્રના અધિકારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. બેંકર્ષ દ્વારા સરકારી યોજનાઓમાં રિકવરીના મુદ્દે કરેલી રજુઆત સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જી. ભટ્ટે તંત્ર સંપૂર્ણ સહયોગ આપશે અને રિકવરીની કામગીરીમાં સુધારો થાય તે જોશે તેવી હૈયાધારણ આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં કૃષિક્ષેત્રે વિપુલ ધિરાણ અને સ્વરોજગાર તથા કલ્યાણલક્ષી યોજનાઓમાં ધિરાણની નબળી કામગીરીને લઈ આજે જિલ્લા લેવલની બેંકર્સ સાથેની સમીક્ષા બેઠકમાં તંત્રના અધિકારીઓએ થોડીક નારાજગી વ્યક્ત કરી થયેલ કામગીરી અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

આજની આ સમીક્ષા બેઠકમાં રિઝર્વ બેંકના અધિકારીશ્રી રવિ રાવલ, નાબાર્ડના શ્રી જગ્ગી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રિજીયોનલ મેનેજરશ્રી સિંગ, દેનાબેંકના રિજીયોનલ મેનેજર શ્રી એમ.એસ. શાહ, લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર શ્રી અનિલભાઈ પુરોહિત, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ઉદ્યોગ કેન્દ્રના શ્રી અસારી તેમજ જિલ્લાની બેંકોના સિનિયર મેનેજરો અને જિલ્લાના અધિકારીઓ હાજર રહ્યા હતા.